**ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને જોગવાઈના પ્રથમ હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.**

**વર્ષ ૨૦૨૩-૨૪**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક:SJED/MIS/e-file/17/2022/1606/A-1**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૫/૦૫/૨૦૨૩

વંચાણે લીધા:-

(૧)આ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: SJED/CNI/e-file/17/2022/2945/B

(૨)સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૮/૦૫/૨૦૨૩નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./૨૦૨૩-૨૪/૪૧૯

**આમુખ:-**

ઉપર વંચાણે લીધાં ઠરાવ ક્રમાંક (૧)થી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ૧૦૦ કરોડ કે તેથી ઓછી રકમની ચાલુ બાબતોને વહીવટી મંજૂરી આપેલ હતી, જેમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૮૫.૦૦ લાખની જોગવાઈને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ઉક્ત જોગવાઈના ૨૫% મુજબ પ્રથમ હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા માટે વંચાણે લીધા ક્રમાંક (૨)પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૮૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી ૨૫% મુજબ પ્રથમ હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખ (અંકે રૂપિયા એકવીસ લાખ પચ્ચીસ હજાર પુરા)ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

**P.T.O**

(૩) સને ૨૦૨૩-૨૪ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) જે હેતુ માટે જોગવાઈ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૫) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨, મુખ્ય સદરઃ૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૮૦ સામાન્ય, ગૌણ સદરઃ૧૦૧ વિમુક્ત અને અસ્થાયી જાતિઓનું કલ્યાણ અને પેટા સદરઃ ૨૦ ડિએનટી-૮ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ હેઠળ ઉધરાવાનો રહેશે અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર **અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૨૫/૦૫/૨૦૨૩ની નોંધથી** મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signed by: Ketankumar Adhelabhai Damor
Location: Gandhinagar, Gujarat
Organization Unit: Social Justice and Empowerment Department
Date: 29-May-2023 (10:49 AM)

(કેતન ડામોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪, ૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) સેકશન અધિકારીશ્રી (બજેટ/કોમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) સિલેકટ ફાઈલ.